

હરિ: ૐ આશ્રમ પ્રેરિત

# બાળલીલા

ડૉ. બહેચરભાઇ પટેલ

ગુજરાતી સાહિત્ય પરિષદ,
અમદાવાદ ૯.

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક તેંતાળીસમું

# બાળલીલા

ડૉ. બહેચરભાઈ ર. પટેલ

ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, નદીકિનારે

અમદાવાદ ૩૮૦ ૦૦૯

: પ્રકાશક :
કુમારપાળ દેસાઈ
મંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ
ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ
નદીકિનારે, અમદાવાદ ૩૮૦ ૦૦૯

□

© બહેચરભાઈ ર. પટેલ

□

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૫
પ્રત : ૧૨૫૦
મૂલ્ય : રૂ. ૪/—

□

આવરણ–સંયોજન : રજની વ્યાસ

□

: મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

# અર્પણ

જેમના પવિત્ર સ્મરણે
શૈશવ અંકુરિત થઈ ઊઠે છે.
તે
પૂ. ઇચ્છાબાની
પુણ્ય સ્મૃતિમાં

❀

ભૂલું કેમ કરીને ?
ઓ બા, ભૂલું કેમ કરીને ?

ડૉ. બહેચરભાઈ પટેલ

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

શ્રી હરિઃ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્યઘડતર કરે તેવાં બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂપિયા ૧૨,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવા બાલસાહિત્યનું સર્જન કરવાનો આનો હેતુ છે. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ, નાટિકાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકટ કરવામાં આવ્યાં છે. ૧૯૬૭થી શરૂ થયેલી આ ગ્રંથમાળાનું આ તેંતાળીસમું પ્રકાશન બાળકાવ્યોનું છે. ડૉ. બહેચરભાઈ પટેલનાં આ બાળકાવ્યો બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે અને ગાશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ અમારાં પ્રકાશનોને જે રીતે આવકાર્યાં છે તે રીતે આ બાળકાવ્યોને પણ આવકારશે તેવી અમને શ્રદ્ધા છે.

મંત્રીઓ

તા. ૫-૧૧-’૮૫ ગુજરાતી સાહિત્ય પરિષદ

# નિવેદન

મારાં બાળકાવ્યોનો આ સંગ્રહ 'બાળલીલા' પ્રકટ કરતાં શિશુસહજ આનંદ થાય છે. બાળક હતો ત્યારથી બાળકાવ્યો રચતો. એ જમાનાનાં જાણીતાં બાળસામયિકોમાં એ પ્રકટ થતાં એનો રોમાંચ આજે પુનઃ અનુભવું છું.

'બાળલીલા' એ મારા શૈશવનું પ્રેમકાવ્ય છે. દરેક મોટા માણસના દિલમાં શિશુ બેઠેલું હોય છે. અનેક બાળકોનો પિતા બનેલો દીકરો વડીલોની હાજરીમાં પોતાને બાળક અનુભવે છે. ઘરમાં બાળકોનું હોવું એટલે આપણા બાળપણનું હોવું. મારાં ઘરમાં, લગભગ સો વર્ષના મારા પિતા અને મારા નાના પૌત્રો સાથે છે, અને તેઓ પરસ્પર નિકટ લાગે છે. સો વર્ષ અને છ માસ વચ્ચેનો ભેદ ભુંસાઈ જાય છે. વૃદ્ધત્વ એ દ્વિતીય શૈશવ નથી શું ? એ ચિરંતન શૈશવનો આનંદ આ કાવ્યરૂપે પ્રકટ્યો છે.

'બાળલીલા' એ બાલકૃષ્ણ–સ્વરૂપ બાળકની લીલાનાં કાવ્યો છે. પ્રત્યેક બાળક બાલકૃષ્ણ છે. બાલકૃષ્ણની લીલા જેવી જ આધુનિક બાળકની લીલા છે. આ લખનારે એ ભાવ અને ભાવનાથી જ બાળલીલા ગાઈ છે. બાળકોની લીલા–ખેલા, કલ્પનાજગત, ગમ્મત સાથે જ્ઞાન–ઉપદેશ વગેરે વિષયક કૃતિઓમાં ભાગવતની બાળલીલાનો અંશ ઊતરી આવ્યો જણાશે. બાળકો એને લીલયા માણે એમાં જ રચનાનું સાર્થક્ય છે.

મારી સિસૃક્ષાના પહેલા અંકુર સમાં આ બાળકાવ્યોને 'બાળલીલા' ગ્રંથાકારે પ્રકટ કરનાર ગુજરાતી સાહિત્ય પરિષદનો આભાર માન્યા વિના રહી શકતો નથી. આ કાવ્યોને સ્વ. જુગતરામકાકા, સ્વ૦ પ્રા જશભાઈ કા. પટેલ, ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. મધુરમ્ તથા ડૉ. માણેકલાલ પટેલનું વાત્સલ્ય મળ્યું છે એનું મધુર સ્મરણ કરું છું. આ કાવ્યોનું પ્રથમ પ્રકાશન કરનાર બાળસામયિકોનો પણ આભાર માનું છું. પ્રકાશન અધિકારી શ્રી જયન્તભાઈની દષ્ટિનો લાભ મળ્યો છે એની નોંધ લેતાં આનંદ થાય છે.

વીરગામ — ડૉ. બહેચરભાઈ ર. પટેલ
૨૪-૯-'૮૫

□

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. ગીત એક ગાવું | ... | ... | ૯ |
| ૨. કાગડો ને દેડકો | ... | ... | ૧૦ |
| ૩. ભાઈબીજ | ... | ... | ૧૧ |
| ૪. જાવું સાતે સમંદરની પાર | ... | ... | ૧૩ |
| ૫. દેશ મારો કેવો રૂડો | ... | ... | ૧૪ |
| ૬. સાથે ઊડિયે | ... | ... | ૧૫ |
| ૭. મારે જોવી આભઅટારી | ... | ... | ૧૬ |
| ૮. ગુલાબ | ... | ... | ૧૭ |
| ૯. રમીએ સાત તાળી | ... | ... | ૧૮ |
| ૧૦. પડે સમજ મુજને ન લગીર | ... | ... | ૧૯ |
| ૧૧. બીજાંને કાજે | ... | ... | ૨૦ |
| ૧૨. કોઈ મને દો ગોતી રે | ... | ... | ૨૧ |
| ૧૩. કુદરતનાં ગાન | ... | ... | ૨૨ |
| ૧૪. ફરિયાદ | ... | ... | ૨૩ |
| ૧૫. પાછલી રાતના અજવાળિયામાં | | ... | ૨૪ |
| ૧૬. કેમ ? | ... | ... | ૨૫ |
| ૧૭. ઉત્તરાયણ | ... | ... | ૨૬ |
| ૧૮. નાચો રે ઘેરૈયા | ... | ... | ૨૭ |
| ૧૯. વહાલી વહાલી રે | ... | ... | ૨૮ |
| ૨૦. સોણલું | ... | ... | ૨૯ |
| ૨૧. ગીતડાં ગાઓ વારંવાર | ... | ... | ૩૦ |
| ૨૨. આંખો | ... | ... | ૩૧ |
| ૨૩. પરબ | ... | ... | ૩૨ |
| ૨૪. વર્ષાના આકાશમાં | ... | ... | ૩૩ |
| ૨૫. નાચો નાચો રે | ... | ... | ૩૪ |

૨૬. પતંગિયાં ... ... ૩૫
૨૭. પંખીમેળો ... ... ૩૬
૨૮. કાલે ... ... ૩૭
૨૯. કોઈ કશુંયે કહેશો ના ... ... ૩૮
૩૦. ચાંદરણાં ... ... ૩૯
૩૧. દાદાજીની ફરિયાદ ... ... ૪૦
૩૨. વાંદરાં, કૂતરાં, છોકરાં ... ... ૪૧
૩૩. આકાશની ફૂલવાડી ... ... ૪૨
૩૪. સાગરના પ્રવાસે ... ... ૪૩
૩૫. થાકવું ના, ભાગવું ના ... ... ૪૪
૩૬. ના બેસી રહીએ ... ... ૪૫
૩૭. આવું કેમ હશે, બા? ... ... ૪૬
૩૯. તારી સોડે ... ... ૪૭
૩૮. ભાઈ ગયો ક્યાં? ... ... ૪૮
૪૦. મેઘપંખીને ... ... ૪૯
૪૧. બાવો અલેખિયો ... ... ૫૦
૪૨. ગોળમાટલું ... ... ૫૧
૪૩. બે બહેનો ... ... ૫૨
૪૪. વાદલડીને ... ... ૫૩
૪૫. ઢોલવાળો ... ... ૫૪
૪૬. સંકલ્પ ... ... ૫૫

□

# ગીત એક ગાવું

મારે એવું છે ગીત એક ગાવું
કે ભાઈબંધ ડોલી ઊઠે,
મારે એવું છે ગીત એક ગાવું,
કે સૂણતાં નાચી ઊઠે.

પેલી કોયલનો કંઠ માગી લાવું
કે બહેનબા ડોલી ઊઠે,
પછી આંબલિયાડાળે જઈ ગાઉં
કે ઝાડવાં નાચી ઊઠે.

પેલાં ઝરણાંનાં ઝાંઝર લઈ આવું
કે હરણાં ડોલી ઊઠે,
પછી ધરતીનું ગીત કોઈ ગાઉં
કે પંખીડાં નાચી ઊઠે.

પેલા સાગરનો ઘૂઘવાટો લાવું
કે દાદાજી ડોલી ઊઠે,
એવા રંગો તરંગો રેલાવું
કે વાદળાં નાચી ઊઠે.

પેલી કુંજોના ગુંજારવ લાવું
કે માવડી ડોલી ઊઠે,

એવા ભમરાંના તંબૂર બજાવું
કે રાતડી નાચી ઊઠે.
પેલી મોરલીનો સૂર લઈ આવું
કે નાગલા નાચી ઊઠે,
એવું સૂરનું તે પૂર હું વહાવું
કે ડુંગરા ડોલી ઊઠે.

## કાગડો ને દેડકો

એક ફૂલણજી કાગડો,
શિયાળ જોઈ ભૂલી ગયો,
વાત વાતમાં ફૂલી ગયો,
ફુગ્ગા પેઠે ફૂટી ગયો.

કૂવામાંનો દેડકો,
કૂવામાં જ ખેલતો,
કૂવા બહાર જોયું ના,
કૂવામાં તે મરી ગયો.

એક ફૂલણજી દેડકો
બડાઈમાં તો ફૂલ્યે ગયો,
બળદ જેવો થવા ગયો,
ફુગ્ગા પેઠે ફૂટી ગયો.

# ભાઈબીજ

ભાઈ :

આજે તો ભાઈબીજ,
કાલે તો થાય ત્રીજ
તારે જે જોઈએ તે મોંઘેરી ભેટા,
માગી તું લે,
બહેન, માગી તું લૈ.....આજે૦
તારલિયા માગે તો લાવું આકાશનાં,
ફૂલડાં માગે તો દઉં કોમળ પ્રકાશનાં,
ઉષાની ઓઢણી ને સંધ્યાની સાડીઓ,
માગી તું લૈ,
બહેન, માગી તું લૈ.....આજે૦
સૂરજ ને ચાંદાની રમવા દઉં જોડી,
વર્ષા વસંત સમી સખીઓની ટોળી,
મોરલા ને ઢેલ, વળી કોકિલ, બુલબુલો,
માગી તું લે,
બહેન, માગી તું લે.....આજે૦
પૂછડિયા તારાની લાવું પતંગો,
વર્ષામાં આભલાં સોહામણાં રંગો,
જંગલ ને ઝાડીઓ ખેતર ને વાડીઓ,
માગી તું લે,
બહેન માગી તું લે.....આજે૦

બહેન :

માટે તો રોજ બીજ,
કાલે પણ ભાઈબીજ,
મારે જે જોઈએ તે સઘળીયે ભેટો
આપી છે તેં,
ભાઈ, આપી છે તેં.....મારે૦
મારે તારી સાથે આનંદે રહેવું,
હંમેશાં ભાઈ, ભાઈ એટલું જ કહેવું.
મારે તો જોઈએ તું ભાઈલો જ એકલો,
ભેટો બધીય તારી
પાછી તું લે,
ભાઈ પાછી તું લે.....મારે૦

ભાઈ :

તારે જે જોઈએ તે મોંઘેરી ભેટો
માગી તું લે,
બહેન, માગી તું લે.....આજે૦

બહેન :

મારે તો જોઈએ તું ભાઈલો જ એકલો,
ભેટો બધીય તારી
પાછી તું લે,
ભાઈ પાછી તું લે.

# જાવું સાતે સમંદરની પાર

મારે થાવું છે ઘોડેસવાર,
　　જાવું સાતે સમંદરની પાર.
મારે જાવું છે આભલાની પાર,
　　જાવું સાતે સમંદરની પાર.
આપી દે સૂરજ આ તારા એ ઘોડલા,
　　દેજે પવન, તારી પાંખ.
આકાશે ટમકંતા તારલિયા ભાઈલા,
　　દેજે તેજલ તારી આંખ.
વીંધીને વંન વંન, ધરતીની સીમને
　　વીંધવું યે વ્યોમને અપાર.
　　—જાવું સાતે સમંદરની પાર.
ધરતીના લોક, જરા જોજો હું આભલે
　　વીજળી શો ઊડતો જાઉં,
જાવું છે દૂર મારે દેવોના દેશમાં
　　ગગનનાં ગીત રૂડાં ગાઉં,
માથે બંધાયેલા આકાશી માંડવાના
　　શોધવા છે મારેયે સાર.
　　—જાવું સાતે સમંદરની પાર.

# દેશ મારો કેવો રૂડો !

મારા ભારતમાં ભોમકા રૂપાળી
કે દેશ મારો કેવો રૂડો !
એ તો સુંદર ને ઝાઝી રસાળી
કે દેશ મારો કેવો રૂડો !
મારા ભારતમાં નદીઓ વિશાળી
કે દેશ મારો કેવો રૂડો !
એ તો રાખે છે ધરતી હરિયાળી
કે દેશ મારો કેવો રૂડો !
મારા ભારતમાં ડુંગરની હારો
કે દેશ મારો કેવો રૂડો !
એ તો સોહાવે દેશને સારો
કે દેશ મારો કેવો રૂડો !
મારા ભારતમાં કુદરતની મહેરો
કે દેશ મારો કેવો રૂડો !
એ તો રેલાવે રંગની લહેરો
કે દેશ મારો કેવો રૂડો !
મારા ભારતમાં લોક બહુ સારા
કે દેશ મારો કેવો રૂડો !
એ તો ભક્તિ ને ભાવમાં ન્યારા
કે દેશ મારો કેવો રૂડો !

મારા ભારતમાં રાજ્ય લોક કેરું
કે દેશ મારો કેવો રૂડો !
એ તો લાગે છે સૌને રૂડેરું
કે દેશ મારો કેવો રૂડો !
મારા ભારતમાં મહાત્મા થાતા
કે દેશ મારો કેવો રૂડો !
એ તો જુગ જુગ પ્રેરણા પાતા
કે દેશ મારો કેવો રૂડો !

## સાથે ઊડિયે

સૂરજ, તારા રથમાં બેસી આભ મહીં મારે ભમવું,
તારલિયાના ફૂદા લઈને દાદા, છે મારે રમવું.
ચાંદામામા, ઊંઘતો મૂકી ભાગી ના જાશો તમ ઘેર,
લઈ જાઓને સાથે ફરવા, મને ગમે ના મારે ઘેર.
પૂંછડિયા તારા, કો'દી તો આકાશે ફરવા લઈ જા,
આકાશે આનંદે ઊડું, કોક મજાનું ગીતડું ગા.
વાદળબહેની, ક્યાં જાઓ છો? ઊભાં રહો આવું છું હું,
ડુંગર વન સરિતા સૌ જોવાં, એકલડી ક્યાં જાયે તું?
સૌ પંખીડાં નીચે આવો ઉમંગે ગીતડાં ગાઓ,
આપણ સૌએ સાથે ઊડીએ, સીંગચણા લો સૌ ખાઓ.

# મારે જોવી આભઅટારી

તારા, આંખ મને દે તારી,
મારે જોવી આભઅટારી.

પંખી પાંખ મને દે તારી,
મારે જોવી નભની બારી.

જોવા તારા, ચંદ્ર ઝલકતા,
ધૂમકેતુ ગગને ફરતા,

નભગંગાનાં જોવા પાણી,
તેજલિસોટા કંઈ સરતા,

મારે જોવી કેડી તારી,
મારે જોવી આભઅટારી....તારા૦

જોવું કોણ નોબત ગગડાવે
વર્ષાને આકાશ ચડી,

ઝબકી જાતી વીજળી ક્યાંથી ?
ક્યાંથી વર્ષાધાર પડી ?

મારે જોવી રાતડી તારી
મારે જોવી આભઅટારી....તારા૦

જોવી રમ્ય ઉષાની સાડી,
સંધ્યાના જોવા નવરંગ,

રજત રંગની ચંદ્દા જોવી,
જોવા ચાંદ સૂરજનો સંગ.
મારે જોવી તેજસવારી,
મારે જોવી આભઅટારી....તારા૦

## ગુલાબ

ગુલાબનું તો સુંદર ફૂલ!
પાંખડીઓ રેશમની ઝૂલ!
ગુલાબી ગુલાબ,
એનો શો રૂઆબ!
હું જો કાને ખોસું,
તો જાણે હું નવાબ!
ગુલાબનું બહુ સુંદર ફૂલ!
રંગો સોહે શા અણમૂલ!
રંગ ને સુવાસ,
મીઠું મીઠું હાસ,
પંખી ને પવન શું
ખેલો શી કુમાશ!
ગુલાબનું તો સુંદર ફૂલ,
કુદરત કેરી ભેટ અમૂલ.

# રમીએ સાત તાળી

અલ્યાં, આવો ને છોકરાં આંહી કે રમીએ સાત તાળી,
કેમ રહેવાય ઘરની માંહી ? „ „ „
જુઓ, વડલાની છાયા રૂપાળી „ „ „
પેલી આકાશે ચાંદાની થાળી „ „ „
કેવી સાંજની ગમતી વેળા ! „ „ „
સહુ થઈએ જો પાદરે ભેળા „ „ „
ભર્યાં ભર્યાં સરોવરની પાળે „ „ „
ઝૂકયા ઝૂકયા આંબલિયાની ડાળે „ „ „
જેવાં ખેલે છે આભલે પંખી „ „ „
એવાં ખેલવાને મન રહે ઝંખી „ „ „
અલ્યા, આપે છે દાવ પેલો જાડો „ „ „
અલ્યા પડતો ના એની આડો „ „ „
જોજો આવે ના દાવનો વારો „ „ „
કદી આવે તો જલદી ઉતારો „ „ „
નાસો, નાસો પકડાવ ના કોઈ „ „ „
જોજો જાઓ પટકાઈ ના કોઈ „ „ „
ચાલો, રમીએ આ રમવાનો વારો „ „ „
નથી રમવાનું આખો જનમારો „ „ „

# પડે સમજ મુજને ન લગીર

ઝીણું ઝીણું તારા મલકે
ઝીણું ઝીણું ગાય સમીર,
ધીરું ધીરું વહેતાં ગુંજે
નદીઓનાં પાણી બે તીર.

પહાડ સમાં મોજાં ઉછાળે
સાગર પેલો ગાંડો તૂર:
જોઈ રહું હું, સૂણી રહું પણ
પડે સમજ મુજને ન લગીર.

દોડ દોડ કરે હરણાં શાં
ઝરણાં પેલાં સાવ અધીર,
ખાલી આ આકાશમહીંથી
મૂશળધારે વરસે નીર.

કલરવ કરતાં પંખીડાં આ
જંપી ના બેસેય લગીર:
—જોઈ રહું હું, સૂણી રહું પણ
પડે સમજ મુજને ન લગીર.

આકાશે ગગડાટો થાયે,
વીજળાઓનાં છૂટે તીર,

મેઘધનુષ્ય ઉષા સંધ્યામાં
રેશમિયા રંગોનાં ચીર.

ઋતુ ઋતુનાં રૂપ ધરે આ
ધરતી કેવી થઈને ધીર!

—જોઈ રહું હું, સૂણી રહું પણ
પડે સમજ મુજને ન લગીર.

## બીજાંને કાજે

વાયુ કહે: બીજાને કાજે મારે કરવી હોડાહોડ,
સૌ લોકોને ખૂબ આનંદે રમાડવાના મુજને કોડ.
પાણી કહે: બીજાને કાજે મારે જાવું ક્યાંથી ક્યાં?
આકાશેથી, ડુંગરિયેથી સાગરમાં જાવું જ્યાં ત્યાં.
પૃથ્વી કહે: બીજાંને કાજે મારે સહેવાનું દિનરાત,
ભલે છુંદાઉં કે કચડાઉં, જીવાડતી પાણીની જાત.
પ્રકાશ કહે: બીજાંને કાજે મારે ફેલાવું ચોપાસ,
લોક ફૂટાયે ના અંધારે તે માટે રેડું ઉજાસ.
આભ કહે: બીજાને કાજે ખુલ્લો છે મારો વિસ્તાર,
નાચો કૂદો ખેલો ઊડો રહો આનંદે એ જ વિચાર.

# કોઈ મને દો ગોતી રે

સાગરમાં ઝરણું ખોવાયું,
કોઈ મને દો ગોતી રે;
વગડામાં હરણું ખોવાયું,
કોઈ મને દો ગોતી રે.

આકાશે ચાંદો ખોવાયો,
કોઈ મને દો ગોતી રે;
દિવસે જો તારો ખોવાયો,
કોઈ મને દો ગોતી રે;

આભ મહીં વાદળ ખોવાયું,
કોઈ મને દો ગોતી રે.
ધરતીમાં આ જળ ખોવાયું,
કોઈ મને દો ગોતી રે,

વીજલડી નભમાં ખોવાણી
કોઈ મને દો ગોતી રે,
રાતલડી ઊઠતાં ખોવાણી,
કોઈ મને દો ગોતી રે.

અજવાળું ઘરમાં ખોવાયું
કોઈ મને દો ગોતી રે,

[illegible] | [illegible]

ચંદ્રકિરણ સરમાં ખોવાયું
કોઈ મને દો ગોતી રે.
રેતીમાં મોતી ખોવાયું,
કોઈ મને દો ગોતી રે,
શોધું શોધું ને ખોવાયું,
કોઈ મને દો ગોતી રે.

## કુદરતનાં ગાન

ગાયે છે પંખી ને ઝરણાં કો ગાન,
નાચે ને ગાય પેલી વેલીનાં પાન,
—મારે કાં સૂણવાં એનાં ના ગાન?
દૂર દૂર સાગરના ઘૂઘવાટા ગાયે,
ગિરિઓમાં જંગલમાં ઝાડવાં ગાયે,
—મારે કાં સૂણવાં એનાં ના ગાન?
વહાલું મીઠું લાગે કોયલનું ગાણું,
વહાલું વહાલું મને વર્ષાનું ગાણું
—મારે કાં સૂણવાં એનાં ના ગાન?
નદીઓનાં ઝાંઝરની ઘૂઘરીઓ વાગે,
વૈશાખી વાયુની વાંસલડી વાગે.
—મારે કાં રાખવા ન સૂણવા એ કાન?
ચાલોને સાંભળીએ કુદરતનાં ગાન.

# ફરિયાદ

એ બા, એ બા, પડછાયાને વઢી આટલું કહેને,
મારા બચુને શીદ પજવે છે, હવેથી સખણો રહેજે.
ભાત ભાતનાં રૂપરંગનાં કપડાં પહેરું અંગે,
કાળાં, કાળાં કરતો ચાળા, ખીજવે કાળા રંગે.
— એ બા૦

હું ખેલું કૂદું નાચું તો ચાળા પાડે મારા,
કહું ઘણું, 'તું ચાલ્યો જા' તો સામા દે પડકારા.
— એ બા૦

અજવાળે હું જ્યાં જાઉં ત્યાં મારી સાથે આવે,
ના કહું તો તે સામું બોલે, 'તું સાથે કાં આવે?'
— એ બા૦

'લે પડછાયા, તું શું કરશે? હું અંધારે જાઉં;'
ત્યારે કહે, 'હું સાથે હોઈશ, ભલે નહિ જણાઉં.'
— એ બા૦

હું નાનો છું તેથી મારું સહેજ કહ્યું ના માને,
તેથી તો ફરિયાદ કરું છું, જો તારું કંઈ માને.
— એ બા૦

# પાછલી રાતના અજવાળિયામાં

પાછલી તે રાતના ઝાંખા અજવાળિયામાં
જાગી ઊઠે મારું ઉર,
એવું ખીલે કે મને સૂવા ન દેય જરી,
કહેતું, 'જા ફરવાને દૂર'.

મંદ મંદ ચાંદરણું આથમતા ચંદ્રનું,
મંદ મંદ વાયે સમીર,
મંદ મંદ ચમકતાં રમતાં ગમતાં રે પેલાં
વહેતાં શાં નદીઓનાં નીર!

કોઈયે ન જાગેલું હોય ત્યાં તો આછેરી
ઠંડીમાં પંખીડાં ગાય,
પાદરમાં પથરાઈ લાંબી તે સીમના
મારગડે મનડું મલકાય.

એવી એવી તે આ ધરતી લાગે જાણે
સમણાંની ભોમકા હોયે,
એવું એવું તે જાણે લાગે આભલિયું કે
પરીઓનો દેશ ના હોય!

# કેમ ?

દહાડે  દમકે  સૂરજદાદા,
રાતે  ચમકે  ચાંદામામા,
એ અદ્ધર આકાશે,
મન મુજને ખોળે રમવા, પણ
કેમ જાવું ત્યાં મારે ?

ભાઈબંધ શા સુંદર તારા,
તેજ તણા રૂપેરી ક્યારા.
ઉષાબેની ઊગે સવારે,
સંધ્યાબેની દીસે સાંજરે
એ ઊંચે આકાશે,
મન મુજને સાથે રમવા, પણ
કેમ જાવું ત્યાં મારે ?

ફૂલડાં પંખીડાં ઊડે,
વાદળબેની દડબડ દોડે,
પતંગ મારા પેચ લડાવે;
ઊંચે ઊંચે ફુગ્ગા ઊડે,
એ અદ્ધર આકાશે,
મન મુજને સાથે ઊડવા પણ
કેમ જાવું ત્યાં મારે ?

# ઉત્તરાયણ

આવી આ ઉતરાણ, ઉડાડીશું જ પતંગો
અહો, અમે આકાશે પૂરશું નવા નવા કૈં રંગો.
હો રે અવાનવા શા રંગો.

પવન તણી શી લહેરો વાયે!
મકાન પર કે મેદાનોમાં
આજ અમારો મુકામ હોયે.

લાલ પીળા ને ચટાપટાળા
પતંગ કેરા જામે જંગો....અહો૦

પંખી જેવા ઊડે પતંગો, અમે રહીએ ગાતા:
પેચ જામતા, ભલે કપાતા, તોયે અમે હરખાતા.
આજ હુપાહુપ કરી મૂકતા
અમે વાનરના સંઘો....અહો૦

'કાપો, લૂંટો, આવજો પૂહોર,'
શોર મચ્યો શો ચારે કોર!
જ્યાં જુઓ ત્યાં પતંગદોર.
આજ માણશું પંખી પેઠે
અમેય તે આકાશ ઉમંગો....અહો૦

# નાચો રે ઘેરૈયા

ઝનક ઝનક ઝન્....
છમક છમક છમ્....
ઝનક ઝનક ઝન્
છમક છમક છમ્
વસંત કેરું ઝાંઝર વાગે૦
નાચો રે ઘેરૈયા રંગે
હોળીની આ નોબત વાગે૦
વન વન મહેંક્યાં પુષ્પસુવાસે,
કલ કલ કરતાં પંખી નાચે,
ફૂલ ખીલ્યાં શાં ફાગણ માસે!
થનન્ થનન્ થેઈ, ઉરઉમંગે
ગાવ ગીતડાં નવલા રાગે....નાચો૦
રંગ રંગનો છલકે સાગર,
હૈયું જાણે રસની ગાગર!
ખેલો થઈ નાના નટ નાગર
ટનન્ ટનન્ ઘંટારવ ગુંજે,
લોક હિલોળે ચડિયું ફાગે....નાચો૦
સુંદરતા ધરતી પર નાચે,
મલયાનિલ ગગનાંગણ નાચે,
હરખે ઘેલાં જનમન રાચે.

[illegible]

આજ ગુલાલે સૌને રંગો,
સૌ આજે રંગાવા માગે....નાચો૦
નાચો રે ઘેરૈયા રંગે,
હોળીની આ નોબત વાગે.
ઢમક ઢમક ઢમ્
ઢમક ઢમક ઢમ્
હોળીના આ ઢોલ ઢબૂકે....નાચો૦

## વહાલી વહાલી રે

વહાલી વહાલી રે મને ભારતની ભોમ,
વહાલું વહાલું રે મને ભારતનું વ્યોમ.
ધરતી રસાળી ને નદીઓ વિશાળી,
ઠેર ઠેર ડુંગરની હારો રૂપાળી.
રૂડા પ્રકાશે અહીં સૂરજ ને સોમ,
— વહાલી૦

વર્ષાની ધારા ને શીતળ પવન,
આકાશી રંગોનાં નોખાં ગવન.
પુલકી ઊઠે મારાં હરખેથી રોમ.
— વહાલી૦

ગરવો ઇતિહાસ અને અદના રે લોક,
શાંતિના રાસ રચે દુનિયાને ચોક.
ફરકંતો મુક્ત રહે ત્રિરંગો વ્યોમ.
— વહાલી૦

# સોણલું

આકાશે મેં મૂકી દોટ,
વાયુ કેરી વાગી ચોટ.
ધરતી મુજથી આઘી જાય,
ગોળા જેવી એ દેખાય.
સાગરિયા ખાડા દેખાય,
નદીઓ જાણે રેલો જાય,
જંગલ મોટાં બાગ જણાય,
મોટા મહેલો દહેરી થાય,
વૃક્ષો મોટાં તુલસી થાય,
મોટાં શહેરો શેરી થાય.
હાથી તો કુત્તો દેખાય,
કુત્તો તો બિલ્લી થઈ જાય,
બિલ્લી ઉંદરડી થઈ જાય,
ઉંદરડી કીડી થઈ જાય.
બંદા આભે ઊડયા જાય,
જય બજરંગ બોલ્યે જાય.
ચાંદો તો મોટો દેખાય
તારલિયા ગોળા દેખાય,
ધરતી નાનો તારો થાય,
ત્રાસે સામું ના જોવાય.

ઊડતી જ્વાળાઓ દેખાય,
જાણે આભે લાગી લાય.
અંગે તાપ વધ્યે બસ જાય,
બંદાથી એ ના વેઠાય,
દરિયામાં પડતું મેલાય.
—ઝબાક આંખો ઊઘડી જાય,
નીચે માથું જ્યાં પટકાય.

## ગીતડાં ગાઓ વારંવાર

પ્રભાત પહોરે માળે ડાળે ગાતાં પંખી મીઠાં ગાન,
મોર-ઢેલ, મેના-પોપટ ને ગાય કોયલડી રૂડાં ગાન.
ઝરણાં એકલડાં પહાડોમાં જંગલમાં કો ગુંજે ગાન,
સરિતા પણ શી ખળખળ ગાયે, કુંજેકુંજે ગુંજે ગાન.
વૃક્ષ તણી શાખા ને વેલો, ઝૂકી ગાયે પાન,
સાગર પણ ઊછળી ઊછળીને ઘેરા કંઠે ગાયે ગાન.
ઠેરઠેર મેળામાં ગુંજે, ઘર ઘરમાં પણ ગુંજે ગાન.
મંદિરમાં ઝાલર શી ગાયે, વાંસલડીમાં વહેતાં ગાન.
ગીત તણો ગાજે જયકાર,
ગીતડાં ગાઓ વારંવાર.

# આંખો

આ મારી નાનકડી આંખો દુનિયા આખી ભાળે,
પડે સમજ ના રચના કેવી હશે આંખના માળે!

આંખો જાણે નાની બારી,
જોવા આખી આભઅટારી!
લઈ લઉં તસ્વીર સહુની,
જે કો આવે નજરે મારી.

બંધ કરું તોપણ આંખો તો ચિત્રો નર્યાં નિહાળે,
પડે સમજ ના રચના કેવી હશે આંખના માળે!

પાંપણ જાણે પાંખો મારી,
આંખો જાણે પંખી,
જીવ્યાથી વહાલું જોવાનું,
અદીઠને કહે ઝંખી.

ઊંઘમાં પણ આ આંખો મારાં સમણાંને અજવાળે.
પડે સમજ ના જ્યોતિ કેવી હશે આંખના માળે!

# પરબ

પીંપળ નીચે બાંધી મેં તો પરબ એક,
પાણીડાં, પીવાને આવો રે લોલ;
ગોરા કુંભારની ગોળીનાં ઠંડાં
પાણીડાં પીવાને આવો રે લોલ.

ધખધખતી ધરતીને વીંધીને આવ્યાં,
શીતળ છાયામાં થાક ખાઓ રે લોલ;
પરસેવે અંગો શાં નીતરતાં રેબઝેબ,
લોને પવનનો લહાવો રે લોલ.

થાકયાં છો તો જરા લોને વિસામો,
ભાથાના રોટલા ખાઓ રે લોલ;
જવાનું તો હજી આગળ ઉકળાટમાં,
લોટો પાણી ભરી જાઓ રે લોલ.

તપતો સૂરજદેવ, તપતી ધરતીમા,
શીળી પરબ એક મારી રે લોલ;
આવો પ્રવાસીઓ, આવો પંખીડાં,
પાણીની માટલી તમારી રે લોલ.

# વર્ષાના આકાશમાં

રંગભરી વાદળી આવી આભલિયે,
રંગભરી વાદળી આવી રે લોલ.

નીરભરી વાદળી આવી આભલિયે,
રંગ રંગ વાદળી આવી રે લોલ.

દૂર દૂર સાગરના ખોળેથી આવી,
સાથે માથે મીઠાં પાણીડાં લાવી;

હૈયે આનંદ છલકાવી આભલિયે
રંગ રંગ વાદળી આવી રે લોલ.

ચાંદા સૂરજ ને તારાશું ખેલતી,
ગાતાં ને ઊડતાં પંખીશું ગેલતી,

તડકો ને છાંયો લાવી આભલિયે,
રંગ રંગ વાદળી આવી રે લોલ.

ધરતી પર હરિયાળી ભાતો એ પાડતી,
ધરતીનાં છૈયાંને હેતે રમાડતી.

સૌનાં તે હૈયે વધાવી, આભલિયે
રંગ રંગ વાદળી આવી રે લોલ.

# નાચો નાચો રે

આભે ઊગ્યો રે ચાંદલિયો ઝાકઝમાળ,
નાચો નાચો રે આનંદે નાનાં બાળ.

આકાશી સાગરમાં રૂપાનાં ફૂલ,
કુંજોમાં ગાય રૂડાં કોકિલ-બુલબુલ.

આવ્યો આવ્યો રે સાગરમાં શો ઉછાળ!
નાચો નાચો રે આનંદે ભોળાં બાળ.

ધરતીને અંગ ઊડે રૂપેરી રંગ
રૂમ ઝૂમ નર્તંતાં ગાઓ સૌ સંગ.

આવો આવો રે આ સરવરિયાની પાળ,
નાચો નાચો રે આનંદે ઘેલાં બાળ.

સોહે છે રૂપેરી ડુંગરના ઢાળ,
રેલે છે ચંદાનાં અમૃત હેતાળ.

હીંચો હીંચો રે આ આંબલિયાની ડાળ,
નાચો નાચો રે આનંદે ગાંડાં બાળ.

# પતંગિયાં

પતંગિયાં રે પતંગિયાં,
પતંગિયાં મુજને ગમિયાં.

રંગ રંગનાં પતંગિયાં,
પતંગિયાં મુજને ગમિયાં.

સંગે રમતાં પતંગિયાં,
રંગે રમતાં પતંગિયાં.

રેશમ ઓઢયાં પતંગિયાં.
પતંગિયા મુજને ગમિયાં.

તેજે મોહ્યાં પતંગિયાં,
ફૂલડે સોહ્યાં પતંગિયાં.

દીવડે ડોલ્યાં પતંગિયાં,
પતંગિયાં મુજને ગમિયાં.

પતંગ જેવા પતંગિયાં,
પતંગિયાં મુજને ગમિયાં.

# પંખીમેળો

રોજ મારે આંગણે જામે રે પંખીમેળો.
વણબોલાવ્યો, વણતેડાવ્યો મેળો,
રોજ મારે આંગણે જામે રે પંખીમેળો.

ચીં ચીં કરતી ચકલી આવે,
મરઘી બચ્ચાં સાથે લાવે;
ઘૂ ઘૂ કરતાં રમે કબૂતર,
તીણા કલરવ કરતી કાબર.

કા કા કરતો કાગડો પણ આવી પહોંચે ભેળો.
રોજ મારે આંગણે જામે રે પંખીમેળો.

પોપટ ગાયે ગીત ઝાડવે,
કિલકિલાટ શો થાય માંડવે!
ટેંહૂક ટહુકે મયૂર–ઢેલો,
આંબાકુંજે ગાય કોયલો.

રૂપરંગનો સૂર સૂરનો કેવો તાલ મળેલો!
રોજ મારે આંગણે જામે રે પંખીમેળો.

# કાલે

નાનાં નાનાં અમે ભૂલકાં
કાલે નહેરુ થાશું,
આજે છો સરદાર મૂર્ખનાં
કાલે વલ્લભ થાશું.
ભણી ગણી ડાહ્યાં થઈશું ને
કરશું કંઈ જનસેવા,
નથી અમારે બેઠે બેઠે
ખાવા મીઠાઈ મેવા....નાનાં૦
અમે બનીશું ડૉકટર, ઈજનેર,
વકીલ, શિક્ષક, લેખક,
મળી જશે તે કામ કરશું
બની દેશના સેવક....નાનાં૦
અમે ભૂલી તોફાન, કરીશું
રૂડાં કામ ને કાજ,
જગમાં રોશન નામ કરીશું,
જય જય ભારત માત.
કાલાં ઘેલાં અમે ભૂલકાં
કાલે મોટાં થાશું.
આંગણ ને શેરી છોડીને
દેશ વિદેશે જાશું.

# કોઈ કશુંયે કહેશો ના

કોઈ કશુંયે કહેશો ના.
મને ગમે તે કરવા દો, ને
તમે મને 'ના' કહેશો ના....કોઈ૦

હું ચાંદા સૂરજની સાથે ઘૂમનારો છું દેશવિદેશે,
રમનારો શેરી પાદરમાં રાજા કે બાવાને વેશે.
ચિંતા મને ન ખાવાપીવા કે સૂવા આરામ તણી,
ઘરમાં મારે નથી પૂરાવું, જાવું ખેતર સીમ ભણી.
મને નથી ડર ક્યાંય કશાનો,
તમે ફિકરમાં રહેશો ના....કોઈ૦

હું પંડિતનો પણ પંડિત ને મૂર્ખાનો પણ છું સરદાર,
સૌને ચાહું, સૌનો વહાલો, રીસે ચડું તો ના દરકાર.
શાણો શિષ્ય બનું સેવક પણ ને ક્યારેક થતો સરકાર,
જોઈ રહું છું વિધવિધ રીતે કેવો છે સઘળો સંસાર.
પ્રભુ તણો પયગંબર છું હું,
ખોટી ધમકી દેશો ના.
કોઈ કશુંયે કહેશો ના.
ફાવે તે મારે કરવાનું.
તમે મને કહેશો ના.

# ચાંદરણાં

અલ્લક છાંયો, તલ્લક છાંયો,
ચાલો સહેજ ચડાવો બાંયો,
અલ્લક છાંયો, તલ્લક છાંયો.

એન ઘેન દીવા ઘેન,
અમને રોકે, કોની હેન?
એન ઘેન, દીવા ઘેન.

અડકો દડકો, દહીં દડૂકો,
તળાવમાં જઈ મારો ભૂસકો,
અડકો દડકો, દહીં દડૂકો.

સાતોલિયું ભાઈ સાતોલિયું,
પાછળ પડિયું સાપોલિયું,
સાપોલિયું; ભાઈ, સાપોલિયું.

કાગડા કાગડા કઢી પીવા આવ,
ચોકલેટ બોકલેટ લેતો આવ.

# દાદાજીની ફરિયાદ

અલ્યા હસુ, તું જેમ જેમ મોટો થાયે છે તેમ,
ઘર બહારે બસ ફર્યા કરે ને કહ્યું કરે ના કેમ ?

પહેલાં 'દાદા, દાદા' કરતો રમતો મારી સાથે,
હવે પરાણે શોધું તો જડતો દોસ્ત સંગાથે.

પહેલાં મારો કેડો મૂકી જતો ન'તો કંઈ બહાર,
હવે ઘેર તો ખાવા આવે, સાંજે પણ તું બહાર.

પહેલાં તો કહેતો, 'દાદા, હું કરી દઉં આ કામ.'
અને હવે હું સોંપું તો કહે, 'મારે છે બહુ કામ.'

પહેલાં સવારસાંજે મારી સાથે મંદિર આવે,
હવે ખબર ના કેમ તને ના મારી સાથે ફાવે.

પહેલાં મારી સાથે બેસી વાતો મારી સૂણતો,
અને હવે તો કંઈક કહું તો મારું ના સાંભળતો.

પહેલાં તારાં બા–બાપુ ને મનેય વંદન કરતો,
અને હવે તો નવી બીજી કંઈ ધમાલ લાગે કરતો ?

અલ્યા હસુ, તું જેમ જેમ મોટો થાયે છે તેમ,
મને લાગતું ભૂલી રહ્યો છે દાદાજીનો પ્રેમ.

# વાંદરાં, કૂતરાં, છોકરાં

છાપરે વાંદરાં કરે કૂદાકૂદ, આંગણે રમે મોર,
કૂતરાં દોડંદોડ કરે તે આવે ગંમત ઓર.

વાંદરાં હૂપાહૂપ કરે ને
ટહૂકે મારો મોર,
કૂતરા ભસાભસ કરે જાણે
રાતરે આવ્યો ચોર.

છોકરાં બૂમાબૂમ કરે ત્યાં જામે શોરબકોર,
કૂતરાં, વાંદરાં, છોકરાં નાચે એક જ રંગને દોર.

છોકરાં મૂઠી સીંગ ને ચણા
આંગણે લાવી નાખે,
કૂતરાં પૂંઠે પડતાં એવાં,
વાંદરાં તે શેં ચાખે?

જામી રહે મનગમતી મજા એમ શી ચારે કોર!
કૂતરાં, વાંદરાં, છોકરાં કેવી લાવે રંગત ઓર!

# આકાશની ફૂલવાડી

ધરતીને માથે રાતે એક ફૂલવાડી,
હોરે મારે માથે આભે એક ફૂલવાડી
કાળી કાળી હરિયાળીમાં
ફૂલોની જાજમ પથરાણી,
તારલિયાની છડી લઈને
નિશા તણી આવે નભરાણી,
તારાનાં આભલિયાંની શી રંગ–રૂપેરી સાડી !
—ધરતીને૦

ટગર ફૂલોની માળા કેવી !
ચંપા, ડોલર, બકુલ કેરી,
સ્વર્ગ તણી ગંગાને કાંઠે,
તેજ તણી કંઈ દહેરી.
આકાશે શી ગબડયા કરતી ફૂલભરેલી ગાડી,
—ધરતીને૦

કયાંક દીસે આછેરાં ફૂલડાં ને કયહીં જંગલઝાડી.
ધરતીને માથે રાતે એક ફૂલવાડી.

# સાગરના પ્રવાસે

જાવું પ્રવાસે સાગરમાં મારે,
પાણીડાં ખૂબ ખૂબ જોવાં રે.
પાણી ને આભ જ્યાં ભેગાં મળે ત્યાં,
ડૂબતા સૂરજને જોવા રે.

અજવાળી રાતે રૂપાના નીરમાં,
નાની શી હોડીમાં સહેલવાં રે;
સૌને ડરાવતાં, કંઈને રડાવતાં,
ભરતીનાં મોજાંમાં ખેલવા રે.

આ રે આરેથી પેલા તે આરે
દરિયાને મારે આંબવો રે;
સાગરના પેટમાંથી મોતીડાં કાઢતા
મરજીવાને મારે ભેટવા રે.

જાવું પ્રવાસે સાગરમાં મારે,
સાગરના ઘૂઘવાટો સૂણવા રે,
દરિયાના દેવ શા સુકાની પાસે,
મોતીના કીમિયા જાણવા રે.

## થાકવું ના, ભાગવું ના

આપણે તો કદી થાકવું ના,
જરી થાકવું ના.
આપણે તો ભઈ, થાકવું ના,
કદી થાકવું ના.
શેરીમાં ખેલતાં મેદાને ગેલતાં,
પડતાં આખડતાં કે ભૂસકોયે મેલતાં,
વગડામાં ઘૂમતાં ને રસ્તેયે ચાલતાં,
હીંચકે ઝૂલતાં ને બાગમાં મહાલતાં,
થાકવું ના,
કદી થાકવું ના.
આપણે તો કદી ભાગવું ના,
જરી ભાગવું ના.
ઢોર પડે પાછળ
કે ચોર પડે પાછળ,
દોડવામાં, તરવામાં
સૌની તે આગળ.
ધાડ પડે, રાડ પડે ભાગવું ના,
ભઈ ભાગવું ના.
આપણે તો ભઈ, થાકવું ના,
ભઈ, ભાગવું ના.

# ના બેસી રહીએ

અમે ખેલતાં અમે ઘૂમતાં,
જંપીને ના બેસી રહીએ;
અમે નથી કંઈ કાયર માંદાં,
હાથ જોડી ના બેસી રહીએ.
પપ્પા–મમ્મી ભલે વઢે પણ,
અમે બજારે બાગે ફરીએ,
પદપાળા કે સાઇકલ લઈને,
મેદાને કે વગડે ફરીએ.
પહાડ ખૂંદીએ, નદીઓ તરીએ,
ગીત ગાઈએ, રમતાં રહીએ....અમે૦
અમે બોલશું, હસશું, ગાશું,
ચકલી જેવું ચીંચીં કરીએ.
અમે ગવૈયા અમે કવૈયા,
ગાય રેડિયો અમે ગઈએ;
ભલે બધાં કહે અમને બાળક,
અમે મૂંગાં ના બેસી રહીએ....અમે૦

# આવું કેમ હશે, બા ?

આવું કેમ હશે બા ?
કહેને, આવું કેમ હશે, બા ?

ભેંસ જુઓ તો કાળી પણ દૂધ કેવું ધોળું ધોળું ;
વડ મોટા પણ ટેટા નાના, નાના વેલે કોળું !
કોણે કર્યું બધું આ :
કહેને, આવું કેમ હશે, બા?

નામ તપેલું, છતાં અડકતાં કાંઈ દઝાવાયે ના,
'માળ' છતાં પણ એમાં તો કોઈથી રહેવાયે ના.
નામો કેમ પડયાં, બા ?
કહેને, આવું કેમ હશે બા ?

રોજ ઊગે સૂરજ પૂર્વે, ને પશ્ચિમમાં જઈ ડૂબે,
પાછો રોજ સવારે તો એ ઊગમણે જઈ ઊગે !
આવું કેમ થતું, બા ?
કહેને, આવું કેમ હશે, બા ?

મોટા ભાઈ તુજથી નાનો પણ તેને મૂછો;
તું આવી મોટી થઈ તોયે તને કેમ ના મૂછો ?
મૂછો કેમ ફૂટે બા ?
કહેને, આવું કેમ હશે, બા ?

# ભાઈ ગયો ક્યાં

બા, ભાઈ ગયો ક્યાં મારો?
બા, ભાઈ હશે ક્યાં મારો?
હસતો રમતો
કેવો ગમતો,
આંખલડીથી
એ ના ખસતો.
એક જ ભાણે
સાથે જમતો,
બા, સાથ તજ્યો કાં મારો?
બા, ભાઈ હશે ક્યાં મારો?
તેં એને શાને
ધમકાવ્યો?
પપ્પાએ કાં
એને કાઢ્યો?
ભપ્પાંમાં ફરવા
ગયો છે તે,
કહે, કેમ ના
હજીય આવ્યો?
બા, ભાઈ ગયો ક્યાં મારો?
બા, ભાઈ હશે ક્યાં મારો!

# તારી સોડે

મને સૂવા દે તારી સોડે
સાચું કહું છું બા, ના મુજને
ફાવે કોઈ બીજાની જોડે.........મને૦

પપ્પાનાં નસકોરાં એવાં બોલે કે બીક લાગે,
દાદાજીનું પેટ એવું કે મને રુંધામણ લાગે.
ભાઈ-બહેન એવાં ઘોરે કે
ઉપર ઉંદર દોડે.
મને સૂવા દે તારી સોડે.

મોટા ભાઈની સાથે ઊલટી ઊંઘ જ મારી બગડે.
કાકા સાથે કદી સૂઉં તો બંદા નીચે ગબડે;
કાકી હું આઘોપાછો થાઉં
તો ગાલે ચોડે.
મને સૂવા દે તારી સોડે.

બા, તારી સાથે ઊંઘવાની મને મજા ખૂબ આવે,
પરીદેશનો રાજકુમાર બન્યાનાં સપનાં આવે.
આપણ બે ઊંઘતાં ઊંઘતાં
રમતાં આનંદે કોડે.
મને સૂવા દે તારી જોડે.

# મેઘપંખીને

મેઘપંખી ઓ, તું અહીં આવ.
વર્ષાનું સંગીત સુણાવ.
આકાશેથી નીચે આવ,
ધરતીને સંગીત સુણાવ.
મેઘલપંખી, તું અહીં આવ.

પવન તણો સંગાથ લઈને,
દૂર દેશની સહેલે જઈને,
વીજળીઓની પાંખ લઈને,

ગગનલોકનું ગીત સુણાવ.
મેઘલપંખા, તું અહીં આવ.

આવ, તને ચણવાનું દઈશું,
આપણ બંને ભેરુ થઈશું,
સાથે બેય બગીચે જઈશું,

એક બીજાના લઈશું લ્હાવ.
વાદળપંખી તું અહીં આવ.

# બાવો અલેખિયો

બાવો અલેખિયો આવે,
શેરીમાં બાવો અલેખિયો આવે.
અમને ગંમત કરાવે;
શેરીમાં બાવો અલેખિયો આવે.
ભગવો પહેરે વેશ, ને
ઉપર વિવિધરંગી વાધાં,
ઘૂઘરા એના રણકે રૂડા,
રહીએ અમે આઘા
'અલખ નિરંજન' કહીને
લોટ મૂઠી ઊઘરાવે....શેરીમાં૰

શાખના આડા કરીએ પાટા,
ને એ થંભી જાયે,
અમે ભૂંસી નાખીએ પછી
દોડતો આગળ જાયે.
કદીક આગળ–પાછળ દોડી,
અમને શો ગભરાવે!
શેરીમાં બાવો અલેખિયો આવે.

# ગોળમાટલું

ગોળમાટલું આવ્યું રે લ્યો, ગોળમાટલું આવ્યું,
દાદાજીની ડોકે વળગી ગોળમાટલું આવ્યું,
રે ભાઈ, ગોળમાટલું આવ્યું.

દૂર દેશથી આવ્યું રે એ ગબડી ગબડી આંહી,
મીઠું મીઠું અમરત એમાં, મૂલ ન એનું કાંઈ.
સૌને હૈયે ભાવ્યું રે લ્યો, ગોળમાટલું આવ્યું,
રે ભાઈ, ગોળમાટલું આવ્યું.

કોને આપે? બધાં ઘરાકો પકડા પકડી કરતાં,
રહી જાતાં તે લઈ જાતાં ને ફરિયાદો કંઈ કરતાં,
રમતગમત કંઈ લાવ્યું રે લ્યો ગોળમાટલું આવ્યું.
રે ભાઈ ગોળમાટલું આવ્યું.

બબ્બે રૂપિયા લાવો, દાદા ઉતારશે કહેશો ત્યાં,
નહિતર ચક્કર ભમ્મર ફરતું જાશે ક્યાંનું યે ક્યાં.
વણબોલાવ્યું આવ્યું રે લ્યો, ગોળમાટલું આવ્યું.
રે ભાઈ, ગોળમાટલું આવ્યું.

# બે બહેનો

ઉષા તારી બેનડી,
સંધ્યા તારી બેનડી,
સૂરજભૈયા, સૂરજભૈયા,
તુજને ખૂબ રમાડે,
કેવાં લાડ લડાવે!

ઉષા તુજને રમવા–ભમવા
આભે મૂકવા આવે,
સંધ્યા તુજને થાકેલાને
ઘર લઈ જાવા આવે....ઉષા૦

તારે માટે વિધવિધરંગી
રેશમી વસ્ત્રો લાવે,
તારી સાથે રમવા કાજે
પંખીડાં બોલાવે....ઉષા૦

કેવી સુંદર હસતી રમતી
બંને બહેનો આવે,
તારા ઉપર નિશદિન કેવાં
વહાલ નર્યાં વરસાવે!....ઉષા૦

# વાદલડીને

કાળી ધોળી વાદલડી બ્હેન,
રમવાને આવ એનઘેન.
આઘેથી આવી હશે તું મારી બ્હેનડી,
કરવો ના સહેજે આરામ?
પોલા આકાશથી ભર્યાં ભર્યાં છે રૂડાં
મારાં આ ધરતીનાં ધામ.
આપણે બે ભાઈબ્હેન ભેગાં રમીશું ને
કરશું કંઈ રંગભર્યાં ચેન....કાળી ધોળી૦

પછે લઈ જાજે મને તારા તે મારગે,
ચાંદા સૂરજને દેશે,
ઊડતાં ને ઊડતાં તારાના આભલે,
ભમવું શાં રૂપલા વેશે!
બા કહે છે બ્હેન તારી ગઈ છે આકાશમાં તે
મળી જાય મુજનેયે બ્હેન....કાળી ધોળી૦

# ઢોલવાળો

ઢોલવાળો હું ખેલું,
રે હો, ઢોલવાળો હું ખેલું.
ઢમક ઢમક ઢોલ વગાડું,
લોકને તાલે તાલ રમાડું,
કંઈક સૂતેલાંનેય જગાડું.
છોરાં-છોરી ગામગામનાં
પરણાવીને મેલું....ઢોલવાળો૦

ગોકળ આઠમ મેળો આવે,
હોળીની ધૂળેટી આવે,
ભજનનાં જો વાયક આવે,
સૌની મ્હોરે ઢોલ વજાડું.
રંગથી છકેલું....ઢોલવાળો૦

નાનાં, મોટાં,
સારાં, ખોટાં
એકી હારે,
એકી તાલે,
સૌને હું રમાડું
ઢોલવાળો થઈ આવું,
રે હો ઢોલવાળો થઈ જાઉં૦

## સંકલ્પ

ચાલો સૌએ ભેદ ભૂલીને
ખભેખભા મેળવીએ.
પર આશા છોડીને સાચા
સ્વાશ્રયને કેળવીએ.

ચાલો સૌએ સ્વાર્થ ભૂલીને
પરમાર્થે નીકળીએ,
હૈયાની હીનતા છોડીને
વિશાળતાથી મળીએ.

ચાલો સૌએ ભોગ ભૂલીને
ત્યાગે મંડી જઈએ,
બધું ઈશનું, નથી આપણું,
શાને બોટી લઈએ?

ચાલો સૌએ બંધન તોડી,
જગમાં ઘૂમી લઈએ,
સ્વતંત્રતા ને સમાનતાનું
ગીત જરા ગાઈ લઈએ.

ચાલો સૌએ ઘર ભૂલીને
દેશ હૃદયમાં ધરીએ,
માતૃભૂમિની ભક્તિ કરતાં
વિશ્વપ્રેમને વરીએ.



હરિઃ ૐ આશ્રમ પ્રેરિત

## નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

કસ્તૂરબા — સોમાભાઈ ભાવસાર
નવાં ગીતો (ભા. ૩) — ત્રિભુવન વ્યાસ
ફૂલવાડી — નિરંજન સરકાર
ધરતીની મહેક — વસંત નાયક
બીલીપત્ર — મહીપતરામ જોશી
તૈયાર હો — વસંત નાયક
ભીલીની કિશોરકથાઓ — યોગેન્દ્ર વ્યાસ
ચાલો, આપણે ભજવીએ — ચન્દ્રવદન શુક્લ
નાના છતાં મોટા — ઉપેન્દ્ર ભટ્ટ
સાત ચરિત્રો — નગીનદાસ પારેખ
દે તાલ્લી — રમેશ પારેખ
હાઉક — ,,
ચીં — ,,
ગુલાબી આરસની લગ્ગી — હરિકૃષ્ણ પાઠક
કોઈનું કંઈ ખોવાય છે — ,,
તોફાન — યોસેફ મેકવાન
ડિગડોંગ — ,,
ઝૂનઝૂન ઝૂબલા ઝૂ — ઇન્દુ પુવાર
જંગલ જીવી ગયું રે લોલ — ,,
સરવરિયાં — અમૃતલાલ પારેખ
ચાંદલિયાની ગાડી — ચંદ્રકાન્ત શેઠ
રુમ્મક ઝુમ્મક — રવીન્દ્ર ઠાકોર
પ્રેરણાની પરબ — મુકુલભાઈ કલાર્થી
દાદાજી વારતા કહોને! — ,,
નાનપણની વાતો — ,,
પગલે પગલે પ્રકાશ — ,,
પારિજાતનાં ફૂલ — ,,
ફૂલડે ફૂલડે ફોરમ — ,,
મહેનતની મીઠાશ — ,,
ચાલો રમીએ નાટક નાટક — પ્રકાશ લાલા
તરાપો — સ્નેહરશ્મિ
ઉજાણી — ,,
એનઘેન દીવાઘેન — ધીરેન્દ્રસિંહ રાઠોડ
ગપ્પાંગાડી — સુધીર દેસાઈ
ઠેરનાં ઠેર — શ્રદ્ધા ત્રિવેદી
દૂધના દાણા — ચન્દ્રવદન મહેતા
સૂરજ, તારી છાયા — જ્યોતિર્ રાવલ
ઝગમગિયાં — અમૃતલાલ પારેખ
રમતાં રમતાં રાત પડી — ફિલિપ કલાર્ક
બેં બેં બકરી — બેપ્સી એન્જિનિયર
જમરૂખી — પ્રીતમલાલ મજમુંદાર
હોંકારો — કરસનદાસ લુહાર
બાળલીલા — ડો. બહેચરભાઈ પટેલ


## ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯